નાણાકીય સહાયતા નીતિ	PFS-051
Penn State Health રેવન્યુ સાયકલ	**અમલીકરણ તારીખ** ફેબ્રુઆરી 2026

કાર્યક્ષેત્ર અને ઉદ્દેશ *આ દસ્તાવેજ નીચે દર્શાવેલ Penn State Health ઘટકોના લોકો અને પ્રોસેસોને લાગુ પડે છે:*

X	Penn State Health શેર્ડ સર્વિસિસ		Penn State College of Medicine
X	Milton S. Hershey Medical Center	X	મેડિકલ ગ્રુપ -એકેડેમિક પ્રેક્ટિસ ડિવિઝન (Academic Practice Division)
	St. Joseph Medical Center	X	મેડિકલ ગ્રુપ -કોમ્યુનિટી પ્રેક્ટિસ ડિવિઝન (Community Practice Division)
	Holy Spirit Medical Center	X	Penn State Health Life Lion, LLC
X	Hampden Medical Center	X	Pennsylvania Psychiatric Institute
X	Lancaster Medical Center		
X	Lancaster Orthopedic Group		

ઉદ્દેશ

Penn State Health (PSH) દ્વારા આવરી લેવામાં આવેલ આરોગ્ય સેવા પ્રદાતાઓ દ્વારા કે સ્થળે તબીબી રીતે આવશ્યક કે કટોકટીની સારવાર મેળવનાર લાયક દર્દીઓ જે માપદંડો અંતર્ગત નાણાકીય સહાયતાની વિનંતી કરી શકે કે તેને મંજૂરી આપી શકાય, તે માપદંડો વ્યાખ્યાયિત કરવા.

પ્રદાતા યાદી પરિશિષ્ટ A, B, C, D અને E આરોગ્ય સંભાળ પ્રદાતાઓ/સેવાઓની સૂચિ છે જે આ નાણાકીય સહાયતા નીતિ હેઠળ આવરી લેવામાં આવે છે અથવા આવરી લેવામાં આવતી નથી.

કાર્યક્ષેત્ર

તે તમામ કર્મચારી કે જેમનો સંપર્ક નાણાકીય ચિંતાઓ વ્યકત કરનારા દર્દીઓ સાથે થતો હોય.

પૉલિસી અને પ્રક્રિયા નિવેદનો

વ્યાખ્યાઓ

સામાન્ય રીતે થતી બિલની રકમ (Amount Generally Billed, AGB) ની વ્યાખ્યા: AGB અથવા કુલ ચાર્જીસ પરની મર્યાદા આંતરિક મહેસૂલ સેવા (Internal Revenue Service, IRS) 501R સાથેના અંતિમ નિયમ મુજબ લુકબેક પદ્ધતિનો ઉપયોગ કરીને PSH દ્વારા ગણવામાં આવે છે. PSH ખાનગી સ્વાસ્થ્ય વીમા કંપનીઓ અને Medicare દ્વારા ચૂકવવામાં આવેલા તમામ દાવાઓની સરેરાશ ચૂકવણીની ગણતરી કરવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરશે. માત્ર તાત્કાલિક અથવા તબીબી રીતે

જરૂરી સંભાળ માટે પાત્ર વ્યક્તિઓ પાસેથી સામાન્ય રીતે થતી બિલની રકમથી વધુ શુલ્ક લેવામાં આવશે નહીં. PSH વિનંતી કરનારા દર્દીઓને વર્તમાન AGB ગણતરીની નિઃ શુલ્ક લેખિત નકલ ઉપલબ્ધ કરશે. તેની એવી ચેરીટી કેર (નાણાકીય સહાયતા) ડિસ્કાઉન્ટ સાથે ગેરસમજ ના થવી જોઇએ, કે જેમાં જો વ્યક્તિઓનું નાણાકીય સહાયતા નીતિ (Financial Assistance Policy, FAP) મંજૂર કરવામાં આવેલ હોય તો, એ 100% પર લાગુ કરવામાં આવે છે.

- PSH કોઈપણ બિન-આવરી લેવામાં આવતી સેવાઓ અથવા પ્રક્રિયાઓ માટે AGB ડિસ્કાઉન્ટની સમકક્ષ સ્વ-ચુકવણી ડિસ્કાઉન્ટ ઓફર કરી શકે છે.

બેલેન્સ બિલિંગ – સરપ્રાઇઝ બિલ્સ: ફેડરલ કાયદા અનુસાર, નો સરપ્રાઇઝ એક્ટ, Penn State Health દર્દીઓને સરપ્રાઇઝ બિલ્સ મેળવવાથી બચાવવા બાબતે પ્રતિબદ્ધ છે, જે જો Penn State Health ફેસિલિટી અથવા પ્રદાતા જે તેઓ પાસેથી સંભાળ લે છે તે તેમના હેલ્થ પ્લાન માટે આઉટ-ઓફ-નેટવર્ક હોય તો દર્દીઓને મળશે. જ્યારે આઉટ-ઓફ-નેટવર્ક પ્રદાતા અથવા સુવિધા દર્દીઓને તેમની સ્વાસ્થ્ય યોજનાની ચૂકવણી કરવા માટે સંમત થયા છે અને આઉટ-ઓફ-નેટવર્ક પ્રદાતા દ્વારા લેવામાં આવતી સંપૂર્ણ રકમ અથવા સેવા માટે સુવિધા વચ્ચેના તફાવત માટે બિલ આપે છે, ત્યારે તેને "બેલેન્સ બિલિંગ" તરીકે ઓળખવામાં આવે છે. "સરપ્રાઈઝ બિલ" એ અનપેક્ષિત બેલેન્સ બિલ છે. નો સરપ્રાઇઝ એક્ટ દર્દીઓને જ્યારે આઉટ-ઓફ-નેટવર્ક પ્રદાતા અથવા ફેસિલિટી તરફથી આકસ્મિકતાની સંભાળ માટે જોવામાં આવે ત્યારે અથવા જ્યારે આઉટ-ઓફ-નેટવર્ક પ્રદાતા દર્દીની ઇન-નેટવર્ક હોસ્પિટલમાં સારવાર કરે છે ત્યારે દર્દીઓને ભારે બિલ મેળવવાથી પ્રોટેક્શન આપે છે. જો Penn State Health સુવિધા અથવા પ્રદાતા આઉટ-ઓફ-નેટવર્ક હોય, તો Penn State Health એ કવર કરેલી આકસ્મિકતાની સેવાઓ અથવા પોસ્ટ-સ્ટેબિલાઇઝેશન સર્વિસિસ માટે બિલને બેલેન્સ કરશે નહીં.

ગણતરીપાત્ર સંપત્તિ ને એવી સંપત્તિ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે કે જે સ્વાસ્થ્ય સંભાળ જવાબદારીઓની ચુકવણી માટે ઉપલબ્ધ છે, જેમ કે રોકડ/બેંક એકાઉન્ટ, ડિપોઝિટના પ્રમાણપત્રો, બોન્ડ, શેર, મ્યુચ્યુઅલ ફંડ અથવા પેન્શન લાભો. આરોગ્ય સેવાઓ વિભાગ (Department of Health Services, DHS) મેડિકલ આસિસ્ટન્સ બુલેટિનમાં વ્યાખ્યાયિત, હોસ્પિટલ અનકમ્પેન્સેટેડ કેર પ્રોગ્રામ (Hospital Uncompensated Care Program) અને ચેરિટી પ્લાન્સ અનુસાર ગણતરીપાત્ર સંપત્તિમાં ઘરો, વાહનો, ઘરગથ્થુ સામાન જેવી બિન-પ્રવાહી સંપત્તિનો સમાવેશ થતો નથી. 401k, વ્યક્તિગત નિવૃત્તિ ખાતું (Individual Retirement Account, IRA) અથવા વિલંબિત વાર્ષિકી જેવા નિવૃત્તિ ભંડોળને પ્રવાહી સંપત્તિમાંથી બાકાત રાખવામાં આવે છે.

કટોકટી વખતની સંભાળ: દર્દીને પૂરી પાડવામાં આવતી ઇમરજન્સી વખતની મેડિકલ સંભાળને, આ મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવે છે:

- પૂરતી ગંભીર તીવ્રતાના તીવ્ર લક્ષણો (દા.ત. તીવ્ર પીડા, માનસિક વિક્ષેપો અને/અથવા માદક દ્રવ્યોના સેવનના લક્ષણો વગેરે) ના પરિણામે થતી મેડિકલ સ્થિતિ છે કે જેમાં તાત્કાલિક મેડિકલ સારવારની ગેરહાજરી નીચેનામાંથી એકમાં પરિણમે તેવી વાજબી અપેક્ષા રાખી શકાય:
  - દર્દી (અથવા, સગર્ભા મહિલાના સંબંધમાં, મહિલા કે તેણીના ગર્ભસ્થ બાળકના આરોગ્ય) નું આરોગ્ય ગંભીર જોખમમાં મુકવું, અથવા
  - શારીરિક કામગીરીમાં ગંભીર વિકલાંગતા, અથવા
  - કોઈપણ શારીરિક અંગ અથવા ભાગની ગંભીર અક્ષમતા.
  - ગર્ભાશયનું સંકોચન થતું હોય તેવી સગર્ભા મહિલાના સંદર્ભમાં કે જેને પ્રસૂતિ પહેલાં અન્ય હોસ્પિટલમાં સ્થાનાંતર કરવા માટે અપૂરતો સમય હોય, અથવા સ્થાનાંતર કરવાથી સગર્ભા મહિલા કે તેણીના ગર્ભસ્થ બાળકના આરોગ્ય કે સુરક્ષા સામે ભય પેદા કરી શકે છે.

ફેડરલ ગરીબી આવક સ્તર દર વર્ષે જાન્યુઆરીમાં ફેડરલ રજીસ્ટ્રીમાં આરોગ્ય અને માનવ સેવા વિભાગ (Department of Health and Human Services, HHS) દ્વારા જાહેર કરવામાં આવે છે. https://aspe.hhs.gov/poverty-guidelines

નાણાકીય સહાયતાનો અર્થ એવો થાય છે કે મફત સંભાળ અથવા ડિસ્કાઉન્ટ વાળી સંભાળ પ્રાપ્ત કરવાની ક્ષમતા. એવા દર્દીઓ કે જેઓ વીમો ન ધરાવતા હોય/વીમો ધરાવતા હોય અને તબીબી રીતે જરૂરી સંભાળ મેળવતા હોય, જેઓ સરકારી અથવા અન્ય વીમા કવરેજ મેળવવા માટે ગેરલાયક હોય, અને જેમની પરિવારિક આવક U.S. ફેડરલ ગરીબી સ્તરના 300% જેટલી અથવા તેનાથી ઓછી હોય, તેઓ આ નીતિના પાલન હેઠળ મફત સંભાળ મેળવવા માટે પાત્ર બનશે.

તબીબી રીતે જરૂરી એટલે આરોગ્ય સંભાળ સેવાઓ કે જે પ્રદાતા, વિવેકપૂર્ણ તબીબી નિર્ણયનો ઉપયોગ કરીને, દર્દીને બીમારી, ઈજા, રોગ અથવા તેના લક્ષણોને રોકવા, મૂલ્યાંકન, નિદાન અથવા સારવારના હેતુ માટે પ્રદાન કરશે અને તે છે.

- સામાન્ય રીતે તબીબી પ્રેક્ટિસના સ્વીકૃત ધોરણો અનુસાર.

- આ હેતુઓ માટે, "સામાન્ય રીતે તબીબી પ્રેક્ટિસના સ્વીકૃત ધોરણો અનુસાર" નો અર્થ એવો થાય છે કે, એવા ધોરણો કે જે તબીબી સાહિત્યની સમકક્ષ સમીક્ષામાં જાહેર કરાયેલા વિશ્વસનીય વૈજ્ઞાનિક પુરાવાઓ પર આધારિત હોય, સામાન્ય રીતે જેને સબંધિત તબીબી કોમ્યુનિટી દ્વારા ઓળખાવવામાં આવેલા હોય અથવા તબીબી ચુકાદાને શામેલ કરતાં પોલિસીના મુદ્દાઓમાં નિર્ધારિત ધોરણો સાથે સુસંગત હોય.

- પ્રકાર, અંતરાયો, પ્રમાણ, સ્થળ અને અવધિની દૃષ્ટિએ તબીબી રીતે યોગ્ય માનવામાં આવતું હોય અને દર્દીની માંદગી, ઈજા અથવા રોગ માટે અસરકારક માનવામાં આવતું હોય.
- મુખ્યત્વે દર્દી, ચિકિત્સક અથવા અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાની સુવિધા માટે નહીં, અને તે દર્દીની માંદગી, ઈજા અથવા રોગના નિદાન અથવા સારવાર માટે સમાન રોગનિવારક અથવા નિદાનાત્મક પરિણામો ઉત્પન્ન કરે તેવી શક્યતા ઓછામાં ઓછી વૈકલ્પિક સેવા અથવા સેવાઓના ક્રમ કરતાં વધુ ખર્ચાળ નથી.
- તપાસ અથવા પ્રાયોગિક ગણવામાં આવતી સેવાઓ, વસ્તુઓ અથવા પ્રક્રિયાઓને કેસ-દર-કેસ આધારે સંચાલિત કરવામાં આવશે.
- આકસ્મિક તબીબી પરિસ્થિતિ માટે આવશ્યક તબીબી સારવાર.

અનુમાનિત નાણાકીય સહાયતા એક એવા વ્યક્તિને સૂચિત કરે છે, જેને દર્દી અથવા ટેક્નોલોજીના સ્રોતો દ્વારા પૂરતી માહિતી પૂરી પાડવામાં આવે, ત્યારે તે અસ્વસ્થ હોય અને તેને નાણાકીય સહાયતા માટે યોગ્ય ગણવામાં આવે, જે PSH ને એ નિર્ણય લેવા માટે પરવાનગી આપે છે કે તે વ્યક્તિ નાણાકીય સહાયતા માટે પાત્ર છે. ટેકનોલોજી સ્રોતોમાં સિકયોર મેડિકલ આસિસ્ટન્સ એલિજિબિલિટી અને વેરિફિકેશન વેબ પોર્ટલ્સનો સમાવેશ થાય છે જેમ કે, Compass અને NaviNet, પરંતુ તે પુરતું મર્યાદિત નથી. અનુમાનિત ચેરિટીને સમર્થન આપતા પરિબળોમાં ઘરવિહોણા, કોઈ આવક નહીં, મહિલા, શિશુ અને બાળકોના કાર્યક્રમો (Women's, Infants and Children, WIC), ફૂડ સ્ટેમ્પની પાત્રતા, માન્ય સરનામા તરીકે પ્રદાન કરવામાં આવેલ ઓછી આવકવાળા આવાસ, કોઈ જાણીતી મિલકત ન ધરાવતા મૃત દર્દીઓ અથવા રાજ્ય દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતા પ્રિસ્ક્રિપ્શન કાર્યક્રમોમાં પાત્રતાનો સમાવેશ થાય છે, પરંતુ તે પુરતું મર્યાદિત નથી.

વીમો ન ધરાવતા દર્દી નો એવો અર્થ થાય છે કે એક એવી વ્યક્તિ જે કોઈપણ તૃતીય પક્ષના વિમાદાતા દ્વારા, કોઈ કર્મચારી નિવૃત્તિ આવક સુરક્ષા કાયદો (Employee Retirement Income Security Act, ERISA) પ્લાન, ફેડરલ આરોગ્ય સંભાળ કાર્યક્રમ (Federal Health Care Program) (ફેડરલ અથવા રાજ્ય આરોગ્ય વીમા બજાર, Medicare, Medicaid, રાજ્ય બાળ આરોગ્ય વીમા કાર્યક્રમ (State Children's Health Insurance Program, SCHIP), અને Tricare સહિત), કામદારોનું વળતર, તબીબી

સેવિંગ્સ એકાઉન્ટ અથવા તમામ બિલ કે બિલના કોઈ ભાગ માટે અન્ય કોઈ કવરેજ ધરાવતા ન હોય. દર્દીઓની વીમા નીતિમાં રેખાંકિત કર્યા મુજબના એવા દર્દીઓ કે જેમણે તેમના વીમા કવરેજનો વપરાશ કરી લીધો હોય અથવા કવર નહીં કરેલી સેવાઓ હોય તેને વીમો ન ધરાવતા તરીકે ગણવામાં આવશે નહીં.

નીતિ અને/અથવા પ્રક્રિયા

નિવેદનોસૂચનાઓ:

- આ નાણાકીય સહાયતા નીતિ, નાણાકીય સહાયતા અરજી અને સાદી ભાષામાં લેખિત સારાંશ જાહેર જનતા માટે વિનંતી પર ઉપલબ્ધ કરવામાં આવશે.
- દર્દી બિલિંગ નિવેદનમાં નાણાકીય સહાયતાની ઉપલબ્ધતા વિશેની માહિતી શામેલ હશે.
- આ પ્રોગ્રામની ઉપલબ્ધતાની સૂચના દર્દીના નોંધણી વિસ્તારોમાંની હોસ્પિટલ, ક્લિનિક અને PSH વેબસાઇટ પર પોસ્ટ કરવામાં આવશે.
- નાણાકીય સહાયતા નીતિ અને અરજી તમામ આઉટપેશન્ટ ક્લિનિક વિસ્તારના સ્થળ પર ઉપલબ્ધ થશે.
- જો કોઈપણ વસ્તીની પ્રાથમિક ભાષા 1,000 અથવા 5% થી ઓછાં લોકોના સમુદાયનું નિર્માણ કરતી હોય, તો FAP તે ભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- નાણાકીય સહાયતા નીતિ અને અરજી જ્યાં PSH ભાગ લેશે ત્યાં કોમ્યુનિટીના આઉટરીચ પ્રોગ્રામ પર ઉપલબ્ધ કરવામાં આવશે.
- 120/240-દિવસનો નિયમ - એક 120-દિવસનો સમયગાળો કે જે દરમિયાન કોઈ વ્યક્તિને FAP વિશે સૂચિત કરવા માટે હોસ્પિટલ સુવિધાની જરૂર છે અને 240-દિવસનો સમયગાળો કે જે દરમિયાન વ્યક્તિ દ્વારા સબમિટ કરેલી અરજી પર પ્રક્રિયા કરવી હોસ્પિટલ સુવિધા માટે જરૂરી છે. પ્રથમ બિલિંગ સ્ટેટમેન્ટની તારીખ પછી ઓછામાં ઓછા 120 દિવસની સમાપ્તિની સૂચના સમયગાળા દરમિયાન PSH નોટિસ આપશે. હોસ્પિટલ સુવિધા એક એવી વ્યક્તિ સામે વસૂલાતના વિશિષ્ટ પગલાં (extraordinary collection actions, ECA) શરૂ ન કરી શકે જેની FAP પાત્રતા તેના ડિસ્ચાર્જ પછીના પ્રથમ સ્ટેટમેન્ટના 120 દિવસ પહેલાં નક્કી કરવામાં આવેલ ન હોય.
- PSH 501R બિલિંગ અને કલેક્શન આવશ્યકતાઓનું પાલન કરે છે.
- PSH જ્યારે લાગુ થશે ત્યારે નો સરપ્રાઇઝ એક્ટનું પાલન કરશે.

લાયકાતના ધોરણ:

- નાણાકીય સહાયતા નીચે આપેલી માર્ગદર્શિકા મુજબ પરિવારની આવકના આધારે મંજૂર કરવામાં આવે છે. તબીબી જરૂરી સેવાઓના ખર્ચ માટેની લાયકાત ધરાવતા દર્દીઓ 100%

મફત સંભાળ માટે પાત્ર રહેશે. PSH વીમિત ન હોય તેવા પાત્ર FAP અથવા નૉન-FAP પાત્ર વ્યક્તિ પાસેથી ઇમરજન્સી અથવા તબીબી રીતે જરૂરી હોય, તેવી અન્ય કાળજી માટે સામાન્યપણે બિલ કરવામાં આવેલ હોય (AGB) તેના કરતાં વધારે શુલ્ક નહીં લે.

પરિવારનું કદ	કુલ આવક		છૂટ
1	**$**	**47,880.00**	**100%**
2	**$**	**64,920.00**	**100%**
3	**$**	**81,960.00**	**100%**
4	**$**	**99,000.00**	**100%**
5	**$**	**116,040.00**	**100%**
6	**$**	**133,080.00**	**100%**
7	**$**	**150,120.00**	**100%**
8	**$**	**167,160.00**	**100%**

* 8 (આઠ) થી વધુ લોકોના કૌટુંબિક કદ માટે, દરેક વધારાની વ્યક્તિ માટે $ 17,040.00 ઉમેરો.

- નાણાકીય સહાયતા માટેનું મૂલ્યાંકન નાણાકીય સહાયતા અરજીની પૂર્તિ સાથે શરૂ થાય છે. તે પૂર્ણ થયેલ, બાંયધરી આપનાર દ્વારા સહી કરાયેલ અને હાલની તારીખનું હોવું આવશ્યક છે. (બિડાણ જુઓ)
- દર્દી યુનાઇટેડ સ્ટેટ્સનો નાગરિક, કાયમી કાનૂની નિવાસી અથવા PA નિવાસી હોવો આવશ્યક છે જે નિવાસનો પુરાવો પ્રદાન કરી શકે છે (યુએસની બહાર રહેતા બિન-યુએસ નાગરિકોને બાકાત રાખે છે).
- દર્દીએ નાણાકીય સહાય મંજૂર થતાં પહેલાં તબીબી સહાય, ફેડરલ અથવા રાજ્ય વીમા માર્કેટપ્લેસ (જ્યાં સુધી મુક્તિનો પુરાવો પ્રદાન કરવામાં ન આવે ત્યાં સુધી) અથવા કોઈપણ અન્ય લાગુ થર્ડ-પાર્ટી ચૂકવણી સ્રોત માટે અરજી કરવી આવશ્યક છે.
    - તબીબી સહાય માટે અરજી કરવામાંથી મુક્તિ મેળવનારા સ્વ-વેતન બાળકોને આંશિક નાણાકીય સહાયતા આપવામાં આવી શકે છે.
- તબીબી બિલની ચુકવણી માટેના અન્ય તમામ વિકલ્પો સમાપ્ત થઈ ગયા છે, પરંતુ તે પૂરતું મર્યાદિત નથી; ચર્ચ, શેરિંગ યોજનાઓ અથવા ખાનગી ભંડોળ એકત્ર કરવું, સખાવતી કાર્યક્રમો અથવા અનુદાન. વૈકલ્પિક ચૂકવણી વિકલ્પોને અનુસરવા માટે દર્દી તરફથી અથવા બાંયધરી આપનાર તરફથી અસહકારને કારણે, તેમને નાણાકીય સહાયની વિચારણાથી અયોગ્ય ઠેરવવામાં આવી શકે છે.

- ○ દર્દી પાસે તેમના બિલ ચૂકવવા માટે પૂરતી ગણતરીપાત્ર સંપત્તિ હોય અને તે ગણતરીપાત્ર સંપત્તિની પ્રવાહિતતાને કારણે દર્દીને કોઈ અયોગ્ય મુશ્કેલી ન થતી હોય તો, નાણાકીય સહાયતા ઓફર કરી શકાતી નથી.
- ○ **RC-12 મૃત્યુ પામેલા દર્દી/બાંયધરી આપનારની એકાઉન્ટ રિઝોલ્યુશન પોલિસીમાં** સ્થાપિત ધોરણોના આધારે કોઈ પણ મૃત દર્દીને નાણાકીય સહાયતા આપવામાં આવશે.
- ○ મફત સંભાળ ક્લિનિક (એટલે કે, Hope Within, Centre Volunteers in Medicine, વગેરે) સાથેના પ્રોગ્રામના પરિણામ સ્વરૂપે, મફત સંભાળ ક્લિનિક દ્વારા એકત્રિત અથવા નિર્ધારિત નાણાકીય માહિતીના આધારે નાણાકીય સહાય આપવામાં આવી શકે છે.
- ○ વૈકલ્પિક સેવાઓ, જેમ કે, કોસ્મેટિક, ઇન્વિટ્રો/વંધ્યત્વ, ચશ્મા, શ્રવણ સાધન, પેનાઇલ ઇમ્પ્લાન્ટ અથવા કેટલીક ગેસ્ટ્રિક બાય-પાસ પ્રક્રિયાઓ આ FAP દ્વારા આવરી લેવામાં આવતી નથી.
- ○ સહ-ચૂકવણી અથવા કપાતપાત્ર દર્દીની બેલેન્સ સાથેની આવક આધારિત વીમા પ્લાન્સ નાણાકીય સહાયતા માટે પાત્ર ગણવામાં આવી શકે છે.
- ○ નાણાકીય સહાયતા માટે પાત્રતા અવધિ એક વર્ષ છે. PSH પાસે નવી અરજીની વિનંતી કરવાની અને દર્દીના વિવેક મુજબ ચૂકવણી કરવાની ક્ષમતાના મૂલ્યાંકનનો અધિકાર છે.
- ○ Lancaster Cleft Palate Clinic જોવા મળતા બાળકોને 100% ના દરે નાણાકીય સહાય આપવામાં આવી શકે છે.

અરજી કરવાની પ્રક્રિયા:

- નાણાકીય મદદની અરજીઓ ઓનલાઇન PSH વેબસાઇટ દ્વારા, કોઈપણ ક્લિનીક સ્થળ પરના વ્યક્તિ પાસે, અથવા મેઇલ દ્વારા ઉપલબ્ધ થશે.
- દર્દીની આવક અને પરિવારના કદના ધોરણોને પૂર્ણ કરે છે, તેની ખાતરી કરવા માટે નીચેનું પૂર્ણ, યોગ્ય, સહાયક ઘરગથ્થુ દસ્તાવેજ પ્રદાન કરવો આવશ્યક છે.
    - ○ તાજેતરમાં જ ફાઇલ કરેલું ફેડરલ આવક વેરા રિટર્ન
    - ○ સૌથી તાજેતરના બે (2) પેસ્ટબ્સ
    - ○ તાજેતરના બે (2) બેંક સ્ટેટમેન્ટ
    - ○ સામાજિક સુરક્ષા આવક નિર્ધારણ
    - ○ બેરોજગારીની આવક
    - ○ પેન્શનની આવક
    - ○ સંપત્તિ અથવા જવાબદારી સમાધાનોમાંથી વિતરણનું પુષ્ટિકરણ (સંપત્તિ અથવા દાવાની સમાપ્તિના અંતિમ સમાધાન સુધી નાણાકીય સહાયતા ધ્યાનમાં લેવામાં આવશે નહીં).

    - તબીબી સહાય અથવા સ્વાસ્થ્ય વીમા બજાર નિર્ધારણ.
    - નાગરિકત્વનો પુરાવો અથવા કાયદાકીય સ્થાયી નિવાસ દરજ્જો (ગ્રીન કાર્ડ).
    - જો ઘરની કોઈ આવક ન હોય તો, વ્યક્તિ(ઓ) કે જે જીવન ખર્ચ માટે સહાય કરે છે તેમની પાસેથી પત્ર.
    - નાણાકીય સહાયતાની પાત્રતા નક્કી કરવા નાણાકીય સહાયતાની અરજીની પૂરતી સમીક્ષા કરવા માટે PSH દ્વારા આવશ્યક માનવામાં આવેલી કોઈપણ અન્ય માહિતી.
- જો અરજીમાં આપવામાં આવેલી માહિતી યોગ્ય નિર્ણય લેવા માટે અપર્યાપ્ત છે, તો વધારાની માહિતી પૂરી પાડવા માટે બાંયધરી આપનારનો સંપર્ક કરવામાં આવશે.

મૂલ્યાંકન પદ્ધતિ અને પ્રક્રિયા

- એકવાર દર્દીએ અરજી સબમિટ કર્યા પછી PSH દર્દી વિરુદ્ધ કોઈપણ ECA ને સસ્પેન્ડ કરશે, પછી ભલે તે અરજી પૂર્ણ હોય કે ન હોય.

નાણાકીય સહાયતા માટે મંજૂરી સ્તર નીચે પ્રમાણે છે:

કર્મચારીનું સ્તર:	**ફાઇનાન્સિયલ એપ્લિકેશન એસોસિએટ્સ/ નાણાકીય સલાહકાર I**	**ફાઇનાન્સિયલ કાઉન્સેલર II / દવા નિષ્ણાત**	**સિનિયર, ફાઇનાન્સિયલ કાઉન્સેલિંગ**	**ટીમ મેનેજર, ફાઇનાન્સિયલ કાઉન્સેલિંગ**	**મેનેજર, ફાઇનાન્સિયલ કાઉન્સેલિંગ**	**વરિષ્ઠ નિયામક**	**વાઇસ પ્રેસિડેન્ટ**
મહત્તમ મંજૂરીની રકમ:	$ 1,000	$ 3,000	$ 5,000	$ 25,000	$ 100,000	$ 200,000	$ 200,000+

- એકવાર અરજીની સમીક્ષા થઈ જાય, તે પછી, નિર્ણયની વાતચીત કરવા માટે દર્દી અથવા બાંહેધરી આપનારને એક ટેલિફોન કૉલ કરવામાં આવશે અને પત્ર મોકલવામાં આવશે.
- નાણાકીય સહાયતા નિર્ધારણ કરનાર વ્યક્તિ દર્દીના એકાઉન્ટને બિલિંગ સિસ્ટમમાં દસ્તાવેજીકૃત કરશે અને "સમીક્ષા માટે વિનંતી" ફોર્મ પર સહી કરશે. આગળ વધુ વ્યવસ્થાપન માટે એકાઉન્ટને યોગ્ય કર્મચારી સભ્ય પાસે સંદર્ભિત કરવામાં આવશે.
- જો કોઈ દર્દી આર્થિક સહાય માટે પાત્ર છે અને કોબ્રા લાભો માટે પાત્ર છે, તો સંસ્થા તરીકે PSH માસિક વીમા પ્રીમિયમ ચૂકવવાનું પસંદ કરી શકે છે.

- ચેરિટીની મંજૂરી પર, કોઈપણ ક્રેડિટ રિપોર્ટિંગ એજન્સીને જાણ કરવામાં આવેલ કરજ 30 દિવસની અંદર પાછું ખેંચી લેવામાં આવશે.
- એકવાર દર્દીના મળવા પાત્ર એકાઉન્ટમાં નાણાકીય સહાયતા સમાયોજન થઈ જાય, પછી પ્રાપ્ત થયેલી કોઈપણ પાછલી અથવા પછીની ચૂકવણી દર્દીઓને પરત કરી દેવામાં આવશે.
- એવા દર્દીઓ કે જેમના એકાઉન્ટ પહેલાથી જ કલેક્શન એજન્સીને સંદર્ભિત કરવામાં આવ્યા છે તેઓ હજી પણ અરજી કરી શકે છે અને નાણાકીય સહાયતા માટે મંજૂરી મેળવી શકે છે.
- જો નાણાકીય સહાયતા મંજૂર કરવામાં આવે, તો યોગ્ય કર્મચારી સભ્ય સમાયોજન પધ્ધતિમાં દાખલ કરશે અને દર્દીઓના તબીબી રેકોર્ડ નંબર હેઠળ તમામ ખુલ્લા એન્કાઉન્ટરની ઓળખ અને સમીક્ષા કરશે અને નાણાકીય સહાયતા ડિસ્કાઉન્ટ લાગુ કરશે.
  - નાણાંકીય પરામર્શ અને/અથવા પૂર્ણ કરેલી અરજીને જમા કરવામાં નિષ્ફળતા તેવી ક્રિયાઓ તરફ દોરી જશે જે **RC-002 દર્દી ક્રેડિટ અને કલેક્શન પોલિસીમાં રેખાંકિત કરેલા છે**.
  - PSH ની જાળવણીની નીતિ મુજબ સાત વર્ષ સુધી નાણાકીય અરજી અને/અથવા નાણાકીય માહિતીની નકલ રાખવામાં આવે છે.
  - સમાન કેલેન્ડર વર્ષની અંદર જ નાણાકીય સહાયતા માટે વધારાની અરજીઓ માટે સહાયક દસ્તાવેજોની જરૂર નથી, સિવાય કે ફાઇલ પર પહેલાથી જ રહેલી માહિતીમાં ફેરફાર થયેલો હોય.
  - અપવાદરૂપ સ્થિતિમાં સંચાલકો તેમના વિવેકનો ઉપયોગ કરે છે, પરંતુ તે પૂરતા મર્યાદિત નથી, જેમ કે: (ઉદાહરણો નીચે પ્રમાણે છે):
    - દર્દીની આવક ચેરિટી માર્ગદર્શિકા કરતાં વધુ છે; જોકે, આપત્તિજનક તબીબી ઘટનાને કારણે તેમનું તબીબી દેવું વાર્ષિક આવક કરતાં વધી ગયું છે.
    - દર્દી એવા દાવામાંથી પતાવટ મેળવે છે, જેની રકમ એકાઉન્ટની બેલેન્સ કરતાં ઓછી હોય છે અને જેમની પાસે તફાવતની ચૂકવણી કરવા માટે પૂરતી વ્યક્તિગત ગણનાપાત્ર સંપત્તિ/આવક હોતી નથી.
    - ચૂકવણી કરવા માટે દર્દી નાણાં ઉધાર લેવા તૈયાર છે, પરંતુ એકાઉન્ટ પર નીકળતી લેણી રકમને કારણે યોગ્ય ઠરી શકતા નથી (ધિરાણ સંસ્થા પાસેથી ખરાઈ કરાવવી જરૂરી છે).
    - દર્દી બેલેન્સના ભાગને આવરી લેવા બાકીની સંપત્તિ સમાપ્ત કરવા તૈયાર છે.
    - દર્દી નાણાકીય અરજી પૂર્ણ કરતો નથી, પરંતુ નિર્ણય લેવા માટે પૂરતી આવક/નાણાકીય માહિતી મેળવવામાં આવે છે.

આ દસ્તાવેજમાં સંદર્ભિત બધી નીતિ સમીક્ષા માટે PSH વેબસાઇટ પર ઉપલબ્ધ છે અને વિનંતી પર પ્રિન્ટ નકલ ઉપલબ્ધ છે.

આ નીતિ Penn State Healthના સ્વૈચ્છિક, ચેરિટેબલ ધ્યેયને રજૂ કરે છે. તદનુસાર, ન તો આ નીતિ અથવા તેના કોઈપણ ઉલ્લંઘનને હોસ્પિટલના ભાગ પર અથવા કોઈપણ દર્દી અથવા તૃતીય પક્ષના કોઈપણ હક પર કોઈ કાનૂની જવાબદારી બનાવવા માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સંબંધિત પૉલિસીઓ અને સંદર્ભો

આ નીતિ સાથે શામેલ પરિશિષ્ટ નીચે મુજબ છે:

- **એપેન્ડિક્સ A** – નાણાકીય સહાયતા કાર્યક્રમ - Hershey Medical Center દ્વારા આવરી લેવામાં આવેલ પ્રદાતાઓ/સેવાઓ
- **પરિશિષ્ટ B** – નાણાકીય સહાયતા કાર્યક્રમ - CPMG દ્વારા આવરી લેવામાં આવેલ – પ્રદાતાઓ/સેવાઓ
- **પરિશિષ્ટ C** – Holy Spirit Health System ફિઝિશિયન ગ્રુપ્સ
- **પરિશિષ્ટ D** – Penn State Health Life Lion LLC
- **પરિશિષ્ટ E** –Penn State Health Hampden Medical Center
- સાદો ભાષા સારાંશ અને નાણાકીય સહાયતા અરજી

નોંધ: સામાન્યપણે, તમામ **Penn State Health Hershey Medical Center** અને કોમ્યુનિટી પ્રેક્ટિસ ડિવિઝન ફિઝિશિયન્સ આ નાણાકીય સહાયતા કાર્યક્રમનું સન્માન કરશે, સિવાય કે પરિશિષ્ટ માં નોંધવામાં ન આવેલ હોય.

મંજૂરીઓ

પ્રમાણિત કરનાર:	Tracy Moyer, સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને ચીફ ફાઇનાન્સિયલ ઓફિસર
મંજૂરી આપનાર:	Nicholas Haas, ઉપપ્રમુખ રેવન્યુ સાયકલ (Revenue Cycle)

બનાવ્યાની તારીખ અને સમીક્ષાઓ

બનાવ્યાની તારીખ: 10/1/2010

સમીક્ષા તારીખ (ખો): 10/10. 02/16, 6/17, 2/18, 2/19, 1/20, 9/20, 3/21,10/22,1/23, 10/23,2/24,2/25,2/26

સુધારેલ: 10/10; 1/12, 12/14, 02/16 - 10/10 નીતિ બદલી; 6/17, 2/18, 10/18, 11/18, 2/19, 1/20, 9/20, Spirit Physician Services, Inc.; 3/21 ઉમેરવામાં આવ્યું Penn State Life Lion LLC., 11/21, 10/2022,1/2023, 10/23, Pennsylvania Psychiatric Institute, 2/24,2/25,2/26 ઉમેર્યું.

વિષય સમીક્ષકો અને યોગદાન કરનારાઓ

સીનિયર ડાયરેકટર્સ ઓફ રેવન્યુ સાયકલ; મેનેજર પેશન્ટ ઍક્સેસ ફાયનાન્સિયલ કાઉન્સેલિંગ

પરિશિષ્ટ A

Penn State Health Hershey Medical Center

નાણાકીય સહાયતા કાર્યક્રમ દ્વારા આવરી લેવામાં આવેલા પ્રદાતાઓ/સેવાઓ

- તીવ્ર પીડા વ્યવસ્થાપન
- એલર્જી ઇમ્યુનોલોજી
- એનાટોમિક પેથોલોજી
- એનેસ્થેસિયા
- એનેસ્થેસિયા મહત્ત્વપૂર્ણ સંભાળ
- તીવ્ર પીડા વ્યવસ્થાપન
- કાર્ડિયોલોજી
- કાર્ડિયોલોજી મહત્ત્વપૂર્ણ સંભાળ
- કાર્ડિયોલોજી સીટી સર્જરી
- કાર્ડિયોલોજી હાર્ટ ફેલ્યોર
- કાર્ડિઓલોજી ઇન્ટરવેન્શનલ કાર્ડિઓલોજી
- કાર્ડિઓલોજી ઇન્ટરવેન્શનલ રેડિયોલોજી
- ક્લિનિકલ પેથોલોજી
- કોલોરેક્ટલ સર્જરી
- દાંતની સર્જરી
- ડર્મેટોલોજી મોહસ
- ત્વચારોગ વિજ્ઞાન
- ડર્મેટોપેથોલોજી
- કટોકટીની દવા
- એન્ડોક્રિનોલોજી
- પારિવારીક દવા
- સ્ત્રીની પેડું સંબંધી દવા
- ગેસ્ટ્રોએન્ટરોલોજી
- ગાયનેકોલોજિક ઑન્કોલોજી
- હેમાટોલૉજિ ઑન્કોલોજી
- હેમાટોલૉજિ ઑન્કોલોજી પેથોલોજી
- હોસ્પિટાલિસ્ટ દવા
- ચેપી રોગ
- આંતરિક દવા
- મેટરનલ ફીટલ દવા
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરોલોજી એપીલેપ્સી
- ન્યુરોલોજી ન્યુરોમસ્ક્યુલર
- ન્યુરોલોજી સ્ટ્રોક
- ન્યુરોપ્સીકોલોજી
- ન્યુરોસર્જરી
- ન્યુરોસર્જરી મહત્ત્વપૂર્ણ સંભાળ
- ન્યુક્લિયર દવા
- ઓબ્સ્ટેટ્રિક્સ ગાયનેકોલોજી*
- ઓપ્થેલ્મોલોજી*
- ઑપ્ટોમેટ્રી
- ઓર્થોપેડિક સર્જરી
- ઓટોલેરીંગોલોજી*
- પીડા વ્યવસ્થાપન
- પેલિએટીવ દવા
- બાળરોગ કિશોર સંબંધી દવા
- બાળરોગ એલર્જી ઇમ્યુનોલોજી
- બાળરોગ કાર્ડિયોલોજી
- બાળરોગ કાર્ડિયોલોજી ટેલિમેડિસીન

- નાના બાળકોનું શોષણ
- બાળરોગ મહત્ત્વપૂર્ણ સંભાળ
- બાળરોગ સીટી સર્જરી
- બાળરોગ એન્ડોક્રિનોલોજી
- બાળરોગ ગેસ્ટ્રોએન્ટરોલોજી
- બાળરોગ જિનેટિક્સ
- બાળરોગ હેમાટોલૉજિ ઑન્કોલોજી
- બાળરોગ હોસ્પિટાલિસ્ટ
- બાળરોગ ચેપી રોગ
- બાળરોગ નિયોનેટોલોજી
- બાળરોગ નેફ્રોલોજી
- બાળરોગ ન્યુરોલોજી
- બાળરોગ પેલિએટીવ સંભાળ
- બાળરોગ પલ્મોનરી દવા
- બાળરોગ પુનર્વસન વિકાસ
- બાળરોગ રુમૅટોલૉજી
- બાળરોગ સર્જરી
- પેડિયાટ્રિક્સ
- શારીરિક દવા પુનર્વસન
- શારીરિક થેરેપી
- પ્લાસ્ટિક સર્જરી
- પોડિયાટ્રી
- મનોચિકિત્સા
- પલ્મોનરી દવા
- રેડિયેશન ઑન્કોલોજી
- રેડિયોલોજી
- રીપ્રોડકટીવ એન્ડોક્રિનોલોજી
- રુમૅટોલૉજી
- ઊંઘની દવા
- સ્પોર્ટ્સ દવા
- સ્પોર્ટ્સ મેડિસીન સેન્ટ કોલેજ
- સર્જરી જનરલ
- સર્જરી મીનિમલી ઇન્વેસિવ સર્જરી
- સર્જરી ઑન્કોલોજી
- સર્જરી થોરેકિક
- ટ્રાંસપ્લાન્ટ સર્જરી
- ટ્રોમા સર્જરી
- ટ્રોમા સર્જરી મહત્ત્વપૂર્ણ સંભાળ
- યૂરોગાયનેકોલોજી અને મીનિમલી ઇન્વેસિવ સર્જરી
- યૂરોલોજી*
- વૅસ્ક્યુલર સર્જરી

***નાણાકીય સહાયતા કાર્યક્રમ દ્વારા ન આવરી લેવામાં આવેલ પ્રદાતાઓસેવાઓ જુઓ**

નાણાકીય સહાયતા કાર્યક્રમ દ્વારા ન આવરી લેવામાં આવેલ પ્રદાતાઓ/સેવાઓ

- કોસ્મેટિક સર્જરી
- હીઅરિંગ એઇડ સર્વિસિસ
- કેટલીક ગેસ્ટ્રિક બાયપાસ પ્રક્રિયાઓ
- ઇનવિટ્રો/ઇનફર્ટિલિટી સર્વિસિસ
- ઓપ્ટિકલ શોપ
- પીનલ ઇમ્પ્લાન્ટ્સ

Penn State Health મેડિકલ ગ્રુપ દ્વારા નિયુક્ત ન હોય તેવા ફિઝિશિયનો માટે, આ નીતિ તેઓના શુલ્કો પર લાગુ પડતી નથી. આ આરોગ્ય સંભાળ પ્રદાતા દ્વારા બિલ બનાવવામાં આવેલ પ્રોફેશનલ ફીસ માટેના શુલ્કોની ચૂકવણી દર્દીની જવાબદારી છે અને આ નીતિ હેઠળ ડિસ્કાઉન્ટ અથવા નાણાકીય સહાયતા હેઠળ પાત્ર ઠરતી નથી. આ નીતિ માત્ર Penn State Health Milton S. Hershey Medical Center ખાતે પૂરી પાડવામાં આવેલ આકસ્મિકતા માટેની ફી અને અન્ય તબીબી રીતે આવશ્યક કાળજીને જ લાગુ પડે છે.

પરિશિષ્ટ B

કોમ્યુનિટી પ્રેક્ટિસ ડિવિઝન

નાણાકીય સહાયતા કાર્યક્રમ દ્વારા આવરી લેવામાં આવેલા પ્રદાતાઓ/સેવાઓ

- કાર્ડિયોલોજી
- કાર્ડિઓવસ્કયુલર
- ક્રિટિકલ કેઅર
- ફેમિલી પ્રેક્ટિસ
- ગેસ્ટ્રોએન્ટરોલોજી
- જનરલ સર્જરી
- જેરિઍટ્રિક મેડિસીન
- હેમાટોલૉજિ
- હોસ્પિટાલિસ્ટ
- આંતરિક દવા
- ઇન્ટરવેન્શનલ કાર્ડિઓલોજી
- ન્યુક્લિયર કાર્ડિઓલોજી
- ગાયનેકોલોજી
- ઑન્કોલોજી
- ઓર્થોપેડિક સર્જરી
- પેડિયાટ્રિકસ
- પલ્મનરી
- રેડિયોલોજી
- ઊંઘની દવા
- રુમેટોલૉજી

પરિશિષ્ટ C

Spirit Physician Services, Inc.

નાણાકીય સહાયતા કાર્યક્રમ દ્વારા આવરી લેવામાં આવેલા પ્રદાતાઓ/સેવાઓ

- એનેસ્થેસિયા
- વર્તન સ્વાસ્થ્ય
- કાર્ડિયોલોજી
- કાર્ડિએક કૅથ અને EP લેબ્સ
- કાર્ડિએક રિહેબ અને મેન્ટેનન્સ
- કાર્ડિએક ઇમેજિંગ સર્વિસિસ
- કાર્ડિઓથોરેપિક સર્જરી
- ક્લિનિકલ ન્યુટિશન
- CMSL-એડલ્ટ PCPs
- CMSL-પેડિયાટ્રિક PCPs
- ડર્મેટોલોજી/Moh's સર્જરી
- કટોકટીની દવા
- એન્ડોક્રિનોલોજી
- ગેસ્ટ્રોએન્ટરોલોજી/એન્ડોસ્કોપી
- જનરલ સર્જરી/ Breast Cancer Center
- હોસ્પિટાલિસ્ટસ - એડલ્ટ્સ
- હિપેટોલોજી આઉટરીચ
- ચેપી રોગ
- Infusion Center Outpatient
- ઇન્ટરવેન્શનલ રેડિયોલોજી
- લેબોરેટરી /પેથોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરોસર્જરી
- નવજાત શિશુ સઘન સારવાર એકમ (Neonatal Intensive Care Unit, NICU)
- ઑક્યુપેશનલ હેલ્થ
- ઑર્થપીડિક્સ
- ઑર્થોટિક્સ
- ઓસ્ટોમી
- પેલિએટીવ સંભાળ
- બાળરોગ વિશેષતાઓ
- ફાર્મસી
- પોડિયાટ્રી
- પ્લાસ્ટિક સર્જરી
- રેડિયોલોજી
- રેડિએશન ઑન્કોલોજી/રેડિએશન થેરપી
- રિહેબિલિટેટિવ/PT/OT
- પાલ્મોનરી/ક્રિટિકલ કેર
- ઊંઘની દવા
- SNF
- ટેલિમેડ
- ટ્રોમા
- તાકીદની સંભાળ
- વૅસ્ક્યુલર સર્જરી
- મહિલા આરોગ્ય
- વુન્ડ કેર/Hyperbaric Centers

પરિશિષ્ટ D

Penn State Health Life Lion LLC

પરિશિષ્ટ E

Penn State Health Hampden Medical Center (10/1/21 થી લાગુ)